

## મારા અનુભવો

સ્વામી સચ્ચિદાનંદ

ગુર્જર પ્રકાશન
અગિયારમું પુનર્મુદ્રણ : જૂન, ૨૦૦૧,
કિંમત : રૂ. ૧૦૦, પાનાં : ૪૩૨

સ્વામી સચ્ચિદાનંદની ૯૧ પ્રકરણોમાં વહેંચાયેલી આ આત્મકથામાં અનુભવો ઉપરાંત વિચારોનું પણ બયાન છે.

મહાત્મા ગાંધીજીના માનવીય મૂલ્યો તથા આચરણીય તત્ત્વો પ્રત્યે પૂર્ણ આદર હોવા છતાં આર્થિક, સેનાકીય, રાજકીય, ઔદ્યોગિક, વૈજ્ઞાનિક વગેરે ક્ષેત્રોમાં હું સંમત થઇ શકતો નથી. આ ક્ષેત્રોમાં જુદો મત હોવા છતાં તેમના પ્રત્યે મને પૂર્ણ માન છે. વ્યક્તિને સુખી બનાવવાની હોય તો તેને સસ્તી ન બનાવો. તેની ઉપયોગિતા તથા આવશ્યકતા સ્વતઃસિદ્ધ થવી જોઈએ, લાગવગથી નહિ. વ્યક્તિનું મૂલ્ય તેની ઉત્પાદકતા તથા આવશ્યકતા ઉપર હોવું જોઈએ. તેના મસ્તિષ્કમાં વિજ્ઞાન તથા હાથમાં મશીન હશે તો તેનું ઉત્પાદન આપોઆપ વધી જશે. તેથી જ તેની આવશ્યકતા પણ નક્કી થશે. આ બંને એટલે કે વિજ્ઞાન અને યંત્ર વિનાનો માણસ અલ્પ ઉત્પાદક હોવાથી સસ્તો થશે એટલે તેની આવશ્યકતા અને અનાવશ્યકતામાં ફેર નહિ રહે. આવા સસ્તામાં સસ્તા માણસોથી વ્યક્તિ, પ્રજા તથા દેશ સમૃદ્ધ-સુખી નહિ થઈ શકે.

હા, મંજીરા વગાડનારી ભજનમંડળીઓ તથા બાવાઓની જમાતો વધી પડશે.

## મારા અસત્યના પ્રયોગો



ડૉ. જયંતિ પટેલ

પ્રકાશક : 'પ્રયોગ' (રાજુ-દિપ્તી, જૂના કોબા, ગાંધીનગર)
મુખ્ય વિક્રેતા : નવભારત સાહિત્ય મંદિર
પ્રથમ આવૃત્તિ : ૧૯૯૪, કિંમત : રૂ. ૪૦, પાનાં : ૯૬

*એકપાત્રી નાટક અને તેના વિશેના કેટલાક લેખ*

મેં પૂછ્યું, 'નોકરીમાં મારે કરવાનું શું?'

'ખાસ તો કંઇ જ કરવાનું નથી, પણ એવું છે ને કે દૂધનો કસ્ટમર જ્યારે ફિરયાદ કરશે કે આ દૂધમાં પાની ક્યાંથી? બસ! એ વખતે હું તને બોલાવશ...દૂધમાં પાની કોણે નાખ્યું છે તે જાણવાની તારે જરૂર નથી. ફરિયાદ કરી છે તે કસ્ટમરને ખુશ કરવા હું ટને એમ નરમ! નરમ! ચાર પાંચ લાફા મારશ. એટલે એ કહેશે 'જવા દો, જવા દો.'

સ્પષ્ટતા કરવા માટે મેં પૂછ્યું, 'દિવસમાં મારે કેટલા લાફા ખાવાના?'

'એવરેજ પચ્ચીશ ટીશ લાફાની પડશે. ટહેવારના દિવસમાં બે-પાંચ વઢારે લાફા ખાવાના. પણ પગાર બાપના બોલથી આપશ.'

## મારા પિતા

સંપાદક : પુરુષોત્તમ ગણેશ માવળંકર

સન્નિષ્ઠ પ્રકાશન
પ્રથમ આવૃત્તિ : ૧૯૯૧, કિંમત : રૂ.૧૬૦, પાનાં : ૪૪૭

*પિતાને શબ્દાંજલિ આપતા ૫૦ લેખો*

એક વાર આપણા બારાદરી બંગલાના પાછલા ઓટલા પર હું ને મુ.ભાઇ(રમણલાલ નીલકંઠ) બેઠા હતા...હું ત્યારે કોલેજમાં ભણતો. તેવામાં ભાઇએ પોતાના પત્નીના અવસાન બાદ લખેલી કવિતા મારા વાંચવામાં આવી...'પીળાં પર્ણો ફરી નથી થતાં કોઇ કાળે ય લીલાં/ ભાંગ્યાં હૈયાં ફરી નથી થતાં કોઇ કાળે રસીલાં'. મેં મૂરખાએ ભાઇને પૂછ્યું, 'ભાઇ, તમે રાઇના પર્વતમાં તો આવું લખ્યું છે, ત્યારે તમે બીજી વાર કેમ પરણ્યા?' ભાઇની જગ્યાએ કોઇ વડીલ હોત તો કાં તો મને તમાચો મારત અથવા એટલું તો જરૂર કહેત કે, 'બેસ, બેસ ચાંપલા!' પણ ભાઇએ શું કહ્યું જાણો છો? ભાઇ કહે, 'આ વૉઝ વેરી યંગ ધેન.' (ત્યારે હું ઘણો નાનો હતો) ભાઇનો જવાબ સાંભળી હું તો ગદ્‌ગદ થઇ ગયો.





## મારી જીવનકથા

મામાસાહેબ ફડકે

નવજીવન પ્રકાશન મંદિર
પ્રથમ આવૃત્તિ : માર્ચ, ૧૯૭૪,
કિંમત : રૂ. ૫, પાનાં : ૨૧૫

અસ્પૃશ્યતા નિવારણ અને હરિજન સેવા માટે આયખું ખર્ચી નાખનાર ગાંધીવાદી સેવક મામાસાહેબ ફડકેનું આત્મવૃત્તાંત. પરિશિષ્ટો, પત્રો, સંપર્કમાં આવેલી વ્યક્તિઓ અને પુરવણી સહિતની આત્મકથા.

નજરકેદમાં કેદીઓ ગમે તે ચીજ પોતાના માટે તેમ જ ઇતર કેદીઓને માટે પણ મગાવી શકે. એવી ચીજોનો આખો ભંડાર અમારી પાસે રહેતો. અમારામાં ઉત્તમ રસોઇયા પણ હતા. એમણે નક્કી કરેલું કે રોજ રોજ નવાં પકવાન બનાવવાં. 'નૉન-સ્ટૉપ ફીસ્ટ'. એનું નામ સાંભળીને મારા જેવાને શરમ લાગે કે ગાંધીવાદીઓને આવું તો ન શોભે. એવામાં ગાંધીજીએ કરેલા એકવીસ દિવસના ઉપવાસ અમારી મદદે આવ્યા અને આ ફીસ્ટ બંધ રહી.



## મેઘાણીચરિત

કનુભાઇ જાની

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન
પ્રથમ આવૃત્તિ : ૨૦૦૨,
કિંમત : રૂ. ૮૦, પાનાં : ૧૧૩

ઝવેરચંદ મેઘાણીનું સાહિત્યિક ચરિત્ર. સમગ્ર ગ્રંથસ્થ મેઘાણી સાહિત્ય સૂચિ સાથેનું આ ચરિત્ર 'મેઘાણી જીવનની ભોંય પર મેઘાણી સાહિત્યનો આલેખ છે.'

જ્યારે મહિડા પારિતોષિક સમિતિએ માણસાઇના દીવા માટે મહારાજ-મેઘાણીને સંયુક્ત પારિતોષિક આપવા ઠરાવ્યું ત્યારે મેઘાણીએ પોતાનો સૈદ્ધાંતિક અણગમો બતાવેલો. પછી (પારિતોષિકનો) સ્વીકાર કર્યો પણ રકમ ન લીધી. મહારાજેય ન લીધી. એ તો બહુ સ્પષ્ટ હતા : "ઔષધિની કિંમત નથી; આ તો વૈદ્યની જ કિંમત છે. વનવગડામાં પડેલી ઔષધિને વૈદ્ય ખોળી કાઢે છે અને એનો ઉપયોગ કરી જાણે છે... માત્ર નહિ જેવી નામ કે સરતચૂક સિવાય એમણે (મેઘાણીએ) બધી જ વાતો સુંદર રીતે રજૂ કરી છે... ખેડે એની ચીજ કહેવાય. કોઠીમાં દાણો હોય પણ દાટો મારેલો હોય તો તે શા કામનો? કોઇ પરોપકારી માણસ આવે, રાંધે, અને ખવડાવે એની તો જ ખરી કિંમત કહેવાય."